GUJARAT SAMACHAR

DT: 17.06.2017

# ટ્રાન્સફોર્મર ઉપર નકલી ISIના માર્કા લગાવવાનું કારસ્તાન

રાજકોટ, શુક્રવાર

કોઈપણ પ્રકારના ટ્રાન્સફોર્મર ઉપર આઈ.એસ.આઈ.નો માર્કો લગાવવા માટે બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડની ભારત સરકારની કચેરી પાસેથી પરવાનો લેવો જરૂરી હોય છે. પરંતુ કચ્છના અંજારના જીઆઈડીસી વિસ્તારમાં રાજકોટની બીઆઈએસની કચેરી દ્વારા રેડ કરવામાં આવતા આ કારખાનામાંથી પરવાના વગર ટ્રાન્સફોર્મરમાં આઈએસઆઈનો માર્કો લગાવવાનું કૌભાંડ પકડાયું હતું.

## રાજકોટની બીઆઈએસની કચેરીની રેડ દરમિયાન ISIના નકલી માર્કાની પટ્ટીઓ જપ્ત કરવામાં આવી

બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડની રાજકોટ સ્થિત કચેરીના જણાવ્યા મુજબ અંજારની કમ્ફોર્ટ ઈન્સ્ટા પાવર લીમીટેડ ફેક્ટરીમાં રેડ કરવામાં આવતા ત્યાંથી મોટી સંખ્યામાં ટ્રાન્સફોર્મર સપ્લાય કરવામાં આવતા હોવાનું જાણવા મળ્યું હતું. આ કારખાના દ્વારા ટ્રાન્સફોર્મરનું ઉત્પાદન કરતા પુર્વે આઈએસઆઈના માર્કા લેવા ફરજીયાત હોય છે પરંતુ તેનું પાલન કરવામાં નહીં આવતા શિક્ષાત્મક પગલા લેવાશે. ઘણાં ઉત્પાદકો પોતાના આર્થિક ફાયદા માંટે વિશાળ જનહિતને ધ્યાનમાં લીધા વિનાં મંજૂરી લીધા વિના નકલી આઈ.એસ.આઈ.ના માર્કા લગાવતા હોય છે તેવા કેસમાં ૧ વર્ષની જેલ અને રૂા. ૫૦ હજારના દંડની જોગવાઈ હોવાનું જણાવાયું હતું.

SANDESH

DT: 17-06-2017

અંજારમાં મે. કમ્ફોર્ટ ઈન્સ્ટા પાવર લિ. પર રેઈડ

# વીજ ટ્રાન્સફોર્મર પર ISIનો લગાવાતો હતો નકલી માર્ક

■ **કાયદાનો ભંગ કરી ટ્રાન્સફોર્મર બજારમાં સપ્લાય કરી દીધા**

રાજકોટ, તા.૧૯

વપરાશમાં લેવાતી વસ્તુની ગુણવત્તા પર ભરોસો આવી શકે તે માટે સરકાર દ્વારા આઈએસઆઈનો માર્ક લગાવી આપવામાં આવે છે. જેનાથી વસ્તુની ક્વોલિટીની ખરાઈ થઈ શકે છે. પરંતુ કેટલાક તત્વો આઈએસઆઈનો નકલી માર્ક લગાવીને બજારમાં હલકી ગુણવત્તાની વસ્તુઓ ધાબડી દેતા હોય છે. કચ્છના અંજારમાં વીજ ટ્રાન્સફોર્મર પર આઈએસઆઈનો નકલી માર્ક લગાવતી કંપની પર રેઈડ કરવામાં આવી હતી.

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડની રાજકોટ શાખા દ્વારા ૧૪મી જૂનના રોજ અંજાર જીઆઈડીસીમાં મે. કમ્ફોર્ટ ઈન્સ્ટા પાવર લિમીટેડ નામની ફેક્ટરી પર રેઈડ કરવામાં આવી હતી. જેમાં કાયદેસરના પરવાના વગર વિદ્યુત ટ્રાન્સફોર્મર પર આઈએસઆઈનો માર્કનો ઉપયોગ કરવામાં આવતો હોવાનું જણાયું હતું. આ રેઈડ દરમિયાન સંબંધિત પેઢીમાંથી આઈએસઆઈના માર્ક લગાડેલી સ્લિપ અને પટ્ટીઓ જપ્ત કરવામાં આવી હતી. આ કંપની દ્વારા કાયદાનો ભંગ કરીને મોટી સંખ્યામાં ટ્રાન્સફોર્મર બજારમાં સપ્લાય કરી દીધા હોવાનું જાણવા મળે છે.

નોંધનીય છે કે તા. ૭-૫-૧૫ની જોગવાઈ મુજબ વીજ ટ્રાન્સફોર્મરનું ઉત્પાદન આઈએસઆઈના માર્કના પરવાના વગર ન કરી શકાય. આ કાયદાનો ભંગ કરનારને જેલ અથવા રોકડ દંડની સજા થઈ શકે છે. આર્થિક ફાયદા માટે પોતાના ઉત્પાદનો પર નકલી આઈએસઆઈ માર્ક લગાવીને ગ્રાહકને માલ ધાબડી દઈને છેતરપિંડી આચરવામાં આવતી હોય છે. આ અંગે ભારતીય માનક બ્યુરો સમક્ષ ફરિયાદ નોંધાવવા આહ્વાન આપવામાં આવ્યું છે.